# કીકીની દાબડી

એક હતી છોકરી. નામ એનું કીકી.

આ કીકી ખૂબ ખંતીલી. ચીવટ પણ એની બહુ ભારે.

કોઇ કામ હાથમાં લે તેને પુરૂં કરીને જંપે. કામમાં કદી આળસ ના કરેં કીકી ને કામ ખૂબ વહાલું. કામથી કદી કંટાળે પણ નહીં. એ કામને વળગેલી ને કામ એને વળગેલું. બસ, આખો દિવસ કામ, કામ ને કામ.

પણ આમાં એને એક મુસીબત નડે. ખૂબ કામ કરી કરીને થાકી જાય. થાક લાગે એટલે કામ થાય નહીં. કીકીનું મન તો કામમાં હોય પણ શરીર થાકે. ના છૂટકે તેને આરામ કરવો પડે. પણ કીકીને આરામ કરવો ન ગમે.

કીકીને થાય કે કામ કરતાં થાક જ ન લાગતો હોય તો કેવું સારૂં! તો પછી રાત ને દિવસ કામ જ કર્યાં કરૂં.

પણ એવું થાય કઇ રીતે? કીકી વિચારવા લાગી. ને તે વિચારતાં વિચારતાં જ ઊંઘી ગઇ.

થોડી વારે તેના કાન પાસે ઝાંઝરનો મધુર રણકાર સંભળાયો. પછી મંજુલ અવાજ આવ્યો. કીકી જાગી ને તેના માથાના વાળમાં કોઇનો કોમળ હાથ ફરવા લાગ્યો.

કીકી તો સફાળી જાગી ગઇ. તે આંખો ચોળી જોવા લાગી. કીકીની સામે કોઇ ઊભું હતું. સુંદર મજાની આંખો હતી. સોનેરી વાળ હતા. ચહેરા પર મધુર સ્મિત રમતું હતું.

કીકીને નવાઇ લાગી. આ વળી કોણ હશે?

"કીકી મને ના ઓળખી? હું છું કામપરી. "

"કોણ? કામપરી? " કીકીએ પૂછયું. "હા, કામપરી તને કામ કરવું બહુ ગમે છે, કેમ? " કીકીએ હા પાડી.

"મને કામગરાં બાળકો બહુ ગમે છે. "

"પરીમા, પણ કામ કરતાં કરતાં હું થાકી જાઉં છું. એ મને નથી ગમતું. મને એવો કોઇ ઉપાય બતાવો ને કે જેથી મને થાક ના લાગે". કીકી બોલી.

"એટલા માટે તો હું આવી છું; આ દાબડી. " આમ કહી કામપરીએ કીકીને એક સરસ મજાની નાની દાબડી આપી. "આ શું કામ? "

"તે તું ખોલ. "

કીકીએ દાબડી ખોલી. અંદર એક સરસ મજાનું ફૂલ હતું, કોમળ પાંખડીઓવાળું ફૂલ, ગુલાબી રંગવાળું ફૂલ.

"કીકી, આ જાદુઇ ફૂલ છે. આ ફૂલ જે સૂંઘે તેને કદી થાક નમ લાગે. ઉંઘ પણ ન સતાવે. તું રોજ ફૂલ



સૂંધીશ તો ફૂલની જેમ હંમેશાં તાજીમાજી રહીશ. "
"પણ આ ફૂલ કરમાઇ જશે તો? " કીકીએ પૂછયું. "નહીં કરમાય. એ જેવું છે તેવું ને તેવું રહેશે. પણ એક વાત ધ્યાનમાં રાખજે. આ વાત કોઇને કહેતી નહીં. લે ત્યારે, હું જાઉં .... "
"આવજો પરીમા. તમારો ખૂબ ખૂબ આભાર. " કીકીએ બેઉ હાથ ઉંચા કરીને પરીને વિદાય આપી. પરી ગઇ ને તરત જ કીકીની આંખ ઉઘડી ગઇ. કીકીના ઓશીકા પાસે દાબડી પડી હતી. કીકીએ તે જોઇ. જોઇને તે ખુશ થઇ. ખુશ થઇને ખોલી. અંદર સુંદર મજાનું ફૂલ હતું. કીકીએ ફૂલ સૂંઘ્યું. આહાહાહા શી એની સુગંધ નાક આખું સુગંધ થી ભરાઇ ગયું. ઉંઘ ઉડી ગઇ. નવી તાજગી લાગી. ખૂબ ઉંઘીને ઉઠયા હોઇએ તેટલી તાજગી વતાવા લાગી.
કીકી ખુશ થઇ. તેણે દાકડી સાચવીને ફ્રોક ના ગજવામાં મૂકી દીધી. કીકી ફરી કામમાં લાગી ગઇ. બસ, પછી તો કીકી કદી થાકતી નહીં. થાક લાગે કે તરત દાબડી કાઢે. ફૂલ સૂંઘે ને
ફરી પાછી તાજી ને તાજી
કીકીને સતત કામ કરતી જોઇને તેનસ મમ્મી તને ચિંતા થઇ: " અરેરેરે આ છોકરી કામ કરી કરીને મરી જશે. આરામ નહીં કરે તો શરીર ઘસાઇ જશે. "
મમ્મી કહે: "કીકી રાત પડી ગઇ. તું હવે સૂઇ જા. " એટલે કીકી કહે : "મમ્મી, મારે હવે ઉંઘવાની જરુર નથી. " મમ્મીને નવાઇ લાગી : "એમ કેમ? " "બસ એમ જ. " કીકીએ વાત ગોપાવી રાખી. કારણ? પરીએ ના કહી ને એટલે.
મમ્મીને થયું કે ઊંઘશે નહીં તો ગાંડી થઇ જશે. પણ કીકી ઊંઘી જ નહીં. સવારમાં તેની મમ્મીજ જાગી ત્યારે પણ કીકી તો જાગતી જ હતી. તે ચિતોમાં રંગ પૂરતી હતી.
આમ ને આમ ચાર- પાંચ દિવસ ચાલ્યા કયુ . મમ્મી ને થયું "આ છોકરીનું મગજ ગાંડું થઇ ગયું લાગે છે. લાવ, દાકતરને બતાવવા લઇ જવા દે. "

મમ્મી કીકીને ડાકતર પાસે લઇ ગઇ. ડાકતરે કીકીને તપાસીને કહ્યું : "કીકી તદન સાજી છે. તેને કાંઇ જ થયું નથી. " કીકી હસી. મમ્મીક નવાઇ પામી.
એકવાર મમ્મીએ કીકીને પાસે બેસાડીને પેમથી પૂછયું, "બેટા, તું આરામ નથી કરતી તેથી મને ચિંતા થાય છે. " "એમાં ચિતા કેવી, મમ્મી? " "પણ બેટા, આરામ તો શરીર માટે ખૂબ જ જરુરી છે.! "
"એ કઇ રીતે, મમ્મીત! "
"આરામ કરવાથી શરીરમાં તાજગી આવે છે. ને તે પછી આપણે આપણું કામ ધણાં ઉત્સારહથી કરી શકીએ છીએ. "
"પણ મમ્મી, શરીરમાં તાજગી લાવવાનો ઉપાય મને મળી ગયો છે". કીકીથી અતિ ઉત્સાહમાં બોલી જવાયું.
"કયો ઉપાય? " મમ્મી એ પૂછયું. હવે કીકી ફસાઇ ગઇ. સાચું કહેવું કે ખોટું? જો સાચું કહે તો પરીમાને આપેલું વચન તૂટે. ને મમ્મી આગળ ખોટું તો ન જ બોલાય.
પણ કીકીએ વાત હસવામાં ઉડાવી દીધી. તે હસીને બોલી: "મમ્મી તું ચિંતા ના કર. હવેથી હું આરામ કરીશ. બસ હવે? "
કીકી રમવા દોડી ગઇ, પણ મમ્મીને કીકીની વાતમાં વિશ્વાસ પડયો નહીં.
મમ્મીએ કીકીથી છાનામાના તેની દેખરેખ રાખવા માંડી. કીકી કયારે શું કરે છે તે છાનાંછપનાં જોવા લાગી.
એક વાર કીકી એકલી બેઠી હતી. એટલામાં થાકને લીધે તેને બગાસું આવ્યું. તરત જ કીકીએ ગજવામાં હાય નાખ્યો. દાબડી બહાર કાઢી સૂધી. ગજવામાં મૂકી. સૂધતાં જ કીકીનો થાક ચાલ્યો ગયો. કીકી હળવીફૂલ થઇ ગઇ. તેનો ચહેરો તાજગીથી ખીલી ઉઠયો.
કીકીનું આ વતા તેની મમ્મીય જોઇ ગઇ. કીકીની તાજગી પેલી દાબડીમાં છે તે વાત મમ્મીને સ મજાઇ ગઇ. સવારે કીકી કપડાં બહાર કાઢીને બાથરુમમાં નાહવા ગઇ. મમ્મીએ તેના ફ્રોક માંથી દાબડી કાઢી લીધી. ખોલી. અંદર એક ફૂલ હતું. તાજું ને મઘમઘતું ફૂલ. મમ્મીએ તે ફૂલ બારીબહાર ફેંકી દીધું. ફૂલ પથ્થાર પર અથડાયું. ફૂલની પાંખડીઓ છૂટી પડી ગઇ. તેની સુવાસ ચો તરફ ફેલાઇ ગઇ. એ સુવાસથી બાગના છોડ પરનાં ફૂલો ખીલી ઊઠયા. પંખીઓના કંઠ ગહેકી ઊઠયા. ચારે તરફ કલશોર વ્યાપી ગયો. પવન પણ સુગંધિત થઇ વહેવા લાગ્યોગ. ચારે તરફનું વાતાવરણ તાજુંમાજું થઇ ગયું. કીકી સ્નાન કરીને બહાર આવી કપડાં બદલ્યાં . ફ્રોકના ગજવામાં હાથ નાખ્યો. દાબડી ન હતી. કીકી ચમકી. દાબડી કયાં ગઇ? કીકીએ મમ્મી સામે જોયું. મમ્મીસએ હસતાં હસતાં બોલી:
"તારી દાબડી મેં ફેંકી દીધી. " "કયાં? "
"બારીની બહાર. "

કીકીએ બારીની બહાર જોયું. બારી બહાર બાગ મહેંકી રહયો હતો. સુગંધિત પવન વાતો હતો. પંખીઓના કલરવમાં તાજગી વતાવી હતી. આ જોઇ કીકી ખુશ થઇ. તે બોલી: "મમ્મીર, દાબડીનો જાદૂ તો જો". મમ્મી એ હજી બારી બહાર જાયું ન હતું. કીકીના કહેવાથી તેણે બહાર નજર કરી. બહારનું વાતાવરણ જોઇ મમ્મીબ ખુશ થઇ.

"મમ્મી, તેં દાબડી ફેંકી દીધી તે સારૂં કયુ. પહેલા તો હું જ એકલી તાજીમાજી થતી હતી. પણ હવે તો આ બાગ, પંખીઓ ને પવન બધુંજ તાજુંમાજું થઇ ગયું. ને આ તાજગી જોઇને હવે ઘણાંબધાં તાજાંમાજાં થશે ને ખુશ થશે. ' કીકીને મમ્મીએ ખોળામાં લીધી. તેનાં ગાલે ચૂમીઓ ભરતાં તે બોલી: "મારી વહાલી કીકી કેટલી સમજુ છે

▪